જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૧૫ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી ૯૧ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૫/૧૫**

**સાબરમતીઃ** મીતલબહેન ગણપતસિંહ રાઠોડ (ઉ.વ.૧૫) (રહે.સ્લમ ક્વાર્ટર્સ ત્રણ માળીયા જવાહર ચોક કાળીગામ સાબરમતી) ને તા.૧૮/૧૨/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી (૧) રાજકુમાર જગદીશભાઈ પવર (રહે.કાસેકા બાસ જીલ્લો સીંકર રાજસ્થાન) અને (૨) સંજયભાઈ નંદલાલ પવર (રહે.સ્લમ કવાર્ટર્સ જવાહર ચોક કાળીગામ સાબરમતી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી ગઈ ગયા છે. આ અંગેની ફરીયાદ મીતલબહેનના પિતા ગણપતસિંહ રાઠોડે તા.૨૮/૧૨/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૬/૧૫**

**શાહીબાગઃ** નીલેશ ખીમરાજ શાહ (રહે. આસોપાલવ સોસાયટી રજનીગંધા ટાવર શાહીબાગ) એ તા.૨૮/૧૨/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૧૫ બપોરના ૧/૦૦ થી સાંજના ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૫૫,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એ પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૭/૧૫</u>**

**કૃષ્ણનગરઃ** લલીબહેન કાનજીભાઈ રબારી (રહે.ગામ હમીરપુર તાલુકો જીલ્લો પાટણ) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૧૫ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશનથી શટલ ઓટોરિક્ષામાં બેસી કૃષ્ણનગર ચાર રસ્તા ગયા હતા દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ લલીબહેનની નજર ચુકવી થેલામાંથી દાગીના કિમત રૂપિયા ૨,૩૨,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી વી ખરાડી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૮/૧૫</u>**

**સોલા હાઈકોર્ટઃ** દિવ્યેશભાઈ પ્રવિણભાઈ દવે (રહે.સમુદ્ર બંગલોઝની સામે બાદશાહ વિલા બંગલોઝની બાજુમાં થલતેજ) એ તા.૨૫/૧૨/૧૫ રાતના ૮/૦૦ વાગે હેબતપુર ગુલમહોર પાર્ટીપ્લોટ નજીક પોતાની અલ્ટો કાર નંબર જીજે ૧૮ એબી ૨૮૧૮ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૪૫ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ દિવ્યેશભાઈ દવે એ તા.૨૮/૧૨/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૯/૧૫</u>**

**દાણીલીમડાઃ** નીલમબહેન ધવલભાઈ પરમાર (ઉ.વ.૨૩) (રહે.મંગલ વિકાસ સોસાયટી વૈકુંઠધામ દાણીલીમડા) એ કોઈ કારણસર તા.૨૮/૧૨/૧૫ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે એલ પટણી ચલાવે છે.

**શહેરકોટડાઃ** હર્ષદ ઉર્ફે ખંભો ધનજીભાઈ (ઉ.વ.૨૭) (રહે.બહુચરનગરની ચાલી ખોડીયાર ચોક મેમ્કો નરોડા રોડ) ને પગે ફ્રેક્ચર થયેલ હોઈ કંટાળી જઈ તા.૨૮/૧૨/૧૫ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંદની જાળી સાથે કાપડ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દશરથભાઈ રમણભાઈ ચલાવે છે.

**(૨)** આશાબહેન રાજુભાઈ ચૌહાણ (ઉ.વ.૧૬) (રહે.હરીભાઈ ગોદાણી ચાર રસ્તા પાસે) એ કોઈ કારણસર તા.૨૮/૧૨/૧૫ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિહ વખતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)